મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૪ ટકા

ગાંધીનગર તાપમાન

# દશામાની મૂર્તિ વિસર્જન માટે ઠેર-ઠેર આયોજન

## રાજભવન કવાટર્સની બાજુમાં, ઈન્દ્રોડા અને ધોળાકુવા ખાતે પાર્કીંગ, લાઈટની વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારમાં દશામાની મૂર્તિ વિસર્જન માટે ઠેર ઠેર તૈયારીઓ આરંભાઈ છે. જેમાં રાજભવન કવાટર્સની બાજુમાં, ઈન્દ્રોડા, સેકટર-૩૦ પુલ પાસે, ધોળાકુવા, રાયસણ, સહિતના સ્થળો પર દશામાની મૂર્તિ વિસર્જન માટે આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ભકતો માટે ચા-પાણી, શરબત, લાઈટ, પાર્કીંગ, અને પ્રસાદીની વિતરણ કરવામાં આવશે. જયારે ઈન્દ્રોડા ખાતે રાત્રી જાગરણ દરમિયાન રાસ-ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જયારે મૂર્તિ વિસર્જન માટે ખાસ ગામના તેમજ તંત્રના તરવૈયાઓ પણ ઉપસ્થિત રહેશે.






શ્રાવણ માસના પ્રારંભિક દિવસથી જ દશામાનું વ્રત મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. દશ દિવસ સુધી માતાજીની પૂજા-અર્ચના, ભકિતભાવથી કરવામાં આવે છે. ત્યારબાદ દશમાં દિવસે રાત્રી જાગરણ બાદ દશામાની મૂર્તિ ને નદીમાં વિસર્જન કરવામાં આવે છે. સાબરમતિ નદીમાં તે દિવસે ભકતોનું ઘોડાપુર ઉમટે છે. શહેર તેમજ જિલ્લામાંથી ૨૦ હજારથી વધુ ભકતો મૂર્તિ વિસર્જન માટે ગાંધીનગરની આસપાસના વિસ્તારને પસંદ કરે છે. મોડી રાતથી મૂર્તિ વિસર્જન માટે શરુ થઈ જતા ભકતો સવાર સુધી સતત આવતા રહે છે. ત્યારે માતાજીના ભકતોને કોઈ તકલીફ ન પડે તે માટે આયોજકો પણ ખાસ ધ્યાન રાખતા હોય છે. જયારે રાજભવન કવાટર્સની બાજુમાં વર્ષોથી માતાજીની મૂર્તિ વિસર્જન માટે યુવાનો દ્વારા પાર્કીંગ -લાઈટ સહિત ભકતો માટે પાણી અને શરબતની વ્યવસ્થા કરવામાં આવી છે. તો બીજી તરફ ઈન્દ્રોડાના ગ્રામજનો દ્વારા વર્ષોથી સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. જેમાં પાર્કીંગથી લઈને નદી સુધી લાઈટ તેમજ માર્ગ તૈયાર કરવામાં આવ્યો છે. જયારે પાર્કીંગથી નદી સુધી ગામના ૩૦૦ થી વધુ યુવાનો ખડેપગે સેવા આપશે. નદીમાં ખાસ તરવૈયાઓની ટીમ તૈનાત કરવામાં આવી છે. તંત્રની ટીમો પણ સ્થળ પર હાજર રહેશે. તે ઉપરાંત ગ્રામજનો દ્વારા ચા-પાણી, પ્રસાદીની વ્યવસ્થા કરાઈ છે. તો બીજી તરફ રાત્રી જાગરણ દરમિયાન ખાસ આ વર્ષે ગરબાનું પણ આયોજન કરાયું છે. જયારે ધોળાકુવા અને રાયસણ ગામે પણ વર્ષોથી દશામાની મૂર્તિ વિસર્જન માટે ખાસ પ્રકારના આયોજનો કરાય છે. જયારે ભકતો પણ સરળતાથી માર્ગ મળી રહે તેમજ શાંતિ થી પૂજા અર્ચના માતાજીની થાય તેવું સ્થળ મૂર્તિ વિસર્જન માટે પસંદ કરે છે.

## ‘ગરબા સ્ટ્રીટ’માં યુવાનોએ કર્યું નવરાત્રીનું રિહર્સલ...!!





ગાંધીનગરમાં રવિવારની સવાર ફરી એકવાર ડીજેના તાલે ગૂંજી ઉઠી હતી. જલ્સા સ્ટ્રીટના આયોજક ‘મારું ગાંધીનગર’ દ્વારા આ વખતે ‘ગરબા સ્ટ્રીટ’નું આયોજન કરવામાં આવ્યું હતું અને ઘ-૪ સર્કલ પાસેની સ્ટ્રીટમાં શહેરનું યુવા ધન ગરબાના તાલે હિલોળે ચઢયું હતું. શહેરનો સૌથી લોકપ્રિય તહરેવાર નવરાત્રિ જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ યુવાનોમાં તરવરાટ વધતો જાય છે અને આજે યુવાનોએ જાણે નવરાત્રિનું ‘ગ્રાન્ડ રિહર્સલ’ હોય તેમ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરના ઈન્ચાર્જ મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા અને પર્યાવરણના જતનના સંદેશ સાથે ગરબા સ્ટ્રીટમાં વિના મૂલ્યે છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સિવિલ કેમ્પસમાં ગોગા મહારાજની ધજા રોહણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આજે ગોગા મહારાજની ધજા રોહણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સિવિલમાં સિક્યુરીટી ગાર્ડ તેમજ વર્ગ-૪ ના કર્મચારીઓ સૌ સાથે મળીને વાજતે ગાજતે ગોગા મહારાજની પૂજા અર્ચના કર્યા બાદ ધજા રોહણ કરી હતી. ત્યારબાદ સૌ ભકતો માટે ભોજન પ્રસાદીની વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેમાં ૪૦૦ થી વધુ ભકતોએ પ્રસાદીનો લ્હાવો લીધો હતો. જયારે ગોગા મહારાજની ધજા રોહણ બાદ અનેરો આનંદ ભકતોમાં જોવા મળતો હતો. ગોગા મહારાજની જય નાદ સાથે સિવિલ કેમ્પસ ગુંજી ઉઠયું હતું. જયારે આ કાર્યક્રમમાં કેટલાક દર્દીઓ તેમજ દર્દીના સ્નેહીજનો પણ જોડાયા હતા. સિવિલ કેમ્પસમાં સવારના સમયે ભકિતનો અનેરો માહોલ સર્જાયો હતો.




# સેક્ટર-૧૩ કુમાર છાત્રાલયમાંથી ત્રણ યુવાનો જુગાર રમતા ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ ખાતે સરકારી ક્વાર્ટર્સમાં ચાલતી સરકારી કુમાર છાત્રાલયમાં સેક્ટર-૭ પોલીસે દરોડો પાડી ત્રણ શખ્સોને જુગાર રમતા ઝડપી પાડયા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા આવેલો એક યુવાન તેના મિત્રને છાત્રાલય પર મળવા આવ્યો હતો પરંતુ મિત્ર હાજર ન હતો તો બોર્ડ બેસાડી દીધું હતું. ત્રણ મિત્રો ભેગા થઈને જુગાર રમી રહ્યા હતા ત્યારે પોલીસે દરોડો પાડી સવા લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસ મથકના પી.આઈ કે.કે પંડયાની સૂચનાથી તેમની સર્વેલન્સ ટીમ શ્રાવણને પગલે જુગારધામો પર નજર રાખી રહી છે ત્યારે પી.એસ.આઈ ઝાલા તથા તેમની ટીમે ચોક્કસ બાતમીના આધારે સેકટર-૧૩માં સરકારી કુમાર છાત્રાલયમાં દરોડો પાડયો હતો. સેકટર ૧૩, ચ-૧ ટાઈપ બ્લોક નંબર ૧૪/૧ મા ત્રણ યુવાનો જુગાર રમવા બેસી ગયા હતા. હાલ આ રૂમ પર રહેતો અને મૂળ ધંધૂકાનો યુવાન કિશન પ્રતાપ બડોલીયા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરવા તાજેતરમાં જ ગાંધીનગર આવ્યો હતો અને આ રૂમ પર તેના મિત્રના ત્યાં પહોંચ્યો હતો. રૂમ પર મિત્ર હાજર ન હતો એટલે તેને બીજા બે મિત્રોને બોલાવીને ત્યાં બોર્ડ બેસાડી દીધું હતું. પોલીસે દરોડો પાડીને કિશન સહિત બાજી માંડીને બેઠેલા અન્ય બે શખ્સોને પકડી પાડયા હતા. સેક્ટર-૧૩, જ-૧ ટાઈપ બ્લોક નંબર ૭૪/૫ ખાતે રહેતો અને ડ્રાઈવર તરીકે નોકરી કરતો જીતેશ બાબુ પટેલ તથા બાબુલ કુબેરનગરમાં રહેતો અને શાકભાજીનો ધંધો કરતો અલ્લાબક્ષ અલીખાન બલોચ પણ જુગાર રમતા ઝડપાઈ ગયો હતો. સે-૭ પોલીસે ત્રણેય શકુનીઓની ધરપકડ કરી તેમની પાસેથી રૂ.૫૦ હજારથી વધુ રકમની રોકડ અને ત્રણ મોબાઈલ તથા બે બાઈક મળી કુલ રૂ.૧.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



# સે-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં ડેપ્યુટી કલેક્ટરના ઘરમાં ચોરી

## બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો અંદરથી ૭૫ હજારની મતા સાફ કરી ગયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫ ખાતે આવેલી સૂર્યનારાયણ સોસાયટીમાં તસ્કરોએ એક બંધ મકાનને ટાર્ગેટ બનાવી તેમાંથી ચોરી કરી હોવાની વિગતો બહાર આવી છે. નડિયાદ ખાતે ફરજ બજાવતા ડેપ્યુટી કલેક્ટર ના બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. ડેપ્યુટી કલેક્ટરના ભત્રીજાની ફરિયાદને આધારે સેક્ટર-૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાત સહિતની ટીમ સ્થળ પર બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ આરંભી છે.

શહેરના સેક્ટર-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં પ્લોટ નંબર ૧૬૯/૧ ખાતે રહેતા અને નડિયાદ ખાતે ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવતા કૃષ્ણસિંહ નરસિંહજી ચાવડાના બંધ મકાનમાં ૧૭મી તારીખે રાત્રે તસ્કરોએ હાથફેરો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. મકાન બંધ હતું ત્યારે તસ્કરોએ તેમના મકાનને ટાર્ગેટ કરીને રાત્રી દરમિયાન મુખ્ય દરવાજાનું તાળુ તોડી તસ્કરો અંદર ઘુસ્યા હતા અને મકાનમાંથી રોકડ સહિત રૂપિયા ૭૫ હજારની મત્તા ઉઠાવી રફુચક્કર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતા ડે. કલેક્ટર કે.એન ચાવડાના ભત્રીજા રણવીરસિંહ રાજેન્દ્રસિંહ ચાવડાએ ઘરફોડ ચોરી મામલે સેક્ટર-૨૧ પોલીસને ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને આસપાસના વિસ્તારના તે સમયગાળા દરમિયાનના સીસીટીવી ફૂટેજ મેળવવા અને તસ્કર ટોળકી સુધી પહોંચવા કવાયત તેજ કરી છે.

## @ગાંધીનગર

● સિ.સિ.કા.ની માસિક બેઠક બપોરે ૩ કલાકે સે-૧૬/૧, સરકારી પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડમાં યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે પોપકોર્નના કલાત્મક હિંડોળામાં સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથીની હવેલી ખાતે ઠાકોરજીને ફુલોના બે ઝુલાના હિંડોળામાં સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના ધરણા સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા મુકેશભાઈ દવે સે-૨૮ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૬ ખાતે પ્રફુલચંદ્ર પંડયાના નિવાસસ્થાને રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવઆરાધના પૂજા પાઠ કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. રાવળ અમૃતાબેન શંકરભાઈ, ઉ.વ. ૭૪
- સ્વ. અરૂણકુમાર બાલમુકુંદ વ્યાસા, ઉ.વ. ૭૮

# હું તમને જે ભણાવું તેના આધારે જ તમારે પરીક્ષા પાસ કરવાની

## ગાંધીનગરના ૭૫ ટકાથી વધુ વકીલો જેમના હાથ નીચે ભણેલા છે તેવા પૂર્વ પ્રિન્સિપાલ એમ.આર. જોષી શિસ્તના કડક આગ્રહી હોવા સાથે કોલેજમાં અનેક સેવા પ્રવૃત્તિઓ પણ ચલાવતા હતા

ગાંધીનગર, તા.૧૯

એવું કહેવાય છે કે જીવનમાં સુખી થવું હોય તો પ્રાર્થના કરવી કે બે પગથિયાં કયારેય ચઢવા ના પડે, એક હોસ્પિટલનું અને બીજું અદાલતનું. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલથી દેશમાં અંગ્રેજોના સમયથી ચાલી આવતા અસંખ્ય કાયદા રદ કરવામાં આવ્યા છે ત્યાં બીજી તરફ હજુ પણ દેશની અદાલતોમાં અધધ... ની સંખ્યામાં કેસો પેન્ડિંગ પડયા છે. દેશના ન્યાયતંત્રને વધુ સબળ બનાવે તેવા વકીલોની સતત જરૂરિયાત જણાય છે. ગાંધીનગરમાં એક એવા એડવોકેટ તાજેતરમાં પોતાની સેવાઓમાંથી સ્વેચ્છાએ નિવૃત્ત થયા છે. જેઓએ વર્ષો સુધી શહેરની લૉ કોલેજમાં આચાર્ય તરીકે સેવાઓ આપી હતી અને તેમના હાથે ભણેલા અનેક વિદ્યાર્થીઓ ચીફ જસ્ટીસ સુધીની સેવાઓ આપી રહ્યા છે.

ગાંધીનગરની એક માત્ર સિધ્ધાર્થ લૉ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ એમ.આર. જોશી માટે એવું કહેવાય છે કે પાટનગરમાં ૭૫ ટકાથી વધુ વકીલોએ વકાલતનો અભ્યાસ તેમની પાસે કર્યો છે. મૂળ પેટલાદના વતન એવા એમ.આર. જોષી ઉર્ફે મુનિન્દ્ર આર. જોષી એક સામાન્ય પરિવારના પાંચ સંતાનોમાં સૌથી નાના હતા અને આઝાદી પહેલા ૧૯૪૧માં તેમનો જન્મ થયો




હતો. વલ્લભવિદ્યાનગરમાં બીકોમ થઈને પરિવારને મદદરૂપ થવાના હેતુથી તુરંત જ બેંકની નોકરી સ્વીકારી લેનાર એમ.આર. જોષીને ૧૯૬૨માં ગુજરાત રાજયની સ્થાપના સાથે જ તિજોરી નિયામકની કચેરીમાં સબ ઓડિટર તરીકે પસંદગી થતા પત્નિ સાથે અમદાવાદ રહેવા આવી ગયા હતા. નોકરી સાથે તેમણે એલએલબીનો અભ્યાસ પણ ચાલુ કર્યો અને ત્યારબાદ તે સમયના ખૂબ જાણીતા વકીલ ઈન્દ્રવદન નાણાંવટી પાસે પ્રેકટીસ કરવાનું પણ ચાલુ કરી દીધું હતું. વળી, કોઈએ સલાહ આપી તેથી એલએલએમનો અભ્યાસ ચાલુ કર્યો અને જે સમયે આખા ભરતભરમાં જયાં માંડ વર્ષે હજારેક વિદ્યાર્થીઓ કાયદાની માસ્ટરડિગ્રી મેળવતા હતા તે સમયે તેમણે આ ઉપાધિ પ્રાપ્ત કરી લીધી હતી. માસ્ટર ડિગ્રી મળતા તેમણે સબ ઓડિટરની નોકરી છોડી અને ભૂજની લૉ કોલેજમાં અધ્યાપકની નોકરી સ્વીકારી જેમાંથી એક વર્ષે તેમની બદલીને અમદાવાદની એલ.એ. શાહ કોલેજ જયાંથી તેમણે માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હતી ત્યાં જ પ્રાધ્યાપક તરીકે જોડાયા. તે સમયે ૭ વર્ષનો અનુભવ પ્રિન્સિપાલ બનવાની લાયકાત ગણાતો તે મુજબ ૭ વર્ષ પછી તેમની નડિયાદની લૉ કોલેજમાં ૧૯૮૩માં પ્રિન્સિપાલ તરીકે પસંદગી કરવામાં આવી હતી.

શિસ્તના કડક આગ્રહી એવા પ્રિન્સિપાલ કોલજમાં આવતા તે સમયના નડિયાદના માથા ભારે ગણાતા વિદ્યાર્થીઓ સાથે સંઘર્ષ થવા લાગ્યો અને વિશાળ કોલેજ સંકુલમાં કવાટર્સ હોવાથી કલેકટરની સલાહને અનુસરીને રિવોલ્વરનું લાયસન્સ મેળવી એક પિસ્તોલ પણ વસાવી લધી હતી. તે સમયે જાણીતા અંગ્રેજી દૈનિકમાં ‘ઓન્લી પ્રિન્સિપાલ વીથ ધ ગન’ના શિર્ષક હેઠળ તેમની ઝિંદાદિલીની સ્ટોરી છપાઈ હતી અને તેમણે કડક હાથે ચરોતરના રાજકારણીઓના નબીરાઓને પરીક્ષામાં ચોરી કરવાથી માંડીને કોલેજમાં કરવામાં આવતી દાદાગીરી બંધ કરાવી હતી. આ દરમિયાન તેઓ યુનિવર્સિટીના એસોસિએશનમાં પણ અગ્રેસર રહ્યા હોવાથી વારંવાર ગાંધીનગર આવવાનું થતું હતું અને તે સમયે ગાંધીનગરમાં એક પણ લૉ કોલેજ નહોતી. આથી તેમણે અંગત રસ લઈને ગાંધીનગરમાં લૉ કોલેજની મંજૂરી મેળવી અને તેના પ્રથમ પ્રિન્સિપાલ તરીકેની જવાબદારી પણ સ્વીકારી. વર્ષ ૧૯૯૦માં ગાંધીનગરના સેકટર-૯માં પ્રાથમિક શાળાના પહેલા માળે ૬ રૂમમાં કોલેજ ચાલુ થઈ અને ૧૯૯૫માં તેમણે સેકટર-૧૬માં કોલેજનું પોતાનું મકાન બનાવડાવવામાં પણ સફળતા મેળવી જયાં તેમણે નિવૃત્તિ કાળ સુધી સવાઓ આપી હતી. જીંદગીના આ સફર દરમિયાન તેમના પત્નિ ઈન્દિરાબેન પણ લગ્ન પછી મેટ્રીકમાંથી બીએડ સુધી ભણ્યા અને ચંદ્રાલાની સ્કૂલમાં નોકરી મેળવી લીધી તેમજ પરિવારમાં ત્રણ દિકરા ઉમેરાયા હતા. ગાંધીનગરમાં પણ પરીક્ષામાં ચોરી કરવા મથતા માથા ભારે વિદ્યાર્થીઓને ‘તમને હું ભણાવું તેના થકી જ તમારે પરીક્ષા પાસ કરવાની’ તેવું કહી કડક હાથે ચોરીનું દૂષણ ડામનાર એમ.આર. જોષી પોતાના કાર્યકાળ દરમિયાન અનેક સેવા પ્રવૃત્તિઓનું આયોજન કરતા જેમાં તેમણે રકતદાન શિબિરો, મેડિકલ ચેકઅપ કેમ્પો, મચ્છુ જળ હોનારતથી માંડીને કચ્છ ભૂજના ભૂકંપ સુધીની કુદરતી હોનારતોમાં રાહત કાર્ય, સોનગઢ-વ્યારા જેવા આદવાસી વિસ્તારોમાં આઈચેકઅપ કેમ્પથી માંડીને મોતિયાના ઓપરેશનો વગેરેનો સમાવેશ થાય છે. ભૂકંપ સમયે ભૂજની લાલન કોલેજના આર્ટસ, કોમર્સ અને સાયન્સના તમામ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના પાઠય પુસ્તકો પુરા પાડયા હતા. સદકાર્યના સંસ્કાર સાથે શિસ્તના આગ્રહી એવા એમ.આર. જોષીથી નારાજ વિદ્યાર્થીઓએ એકવાર તો તેમનું સ્કૂટર સુધ્ધાં તોડી નાંખેલું અને યુનિવર્સિટીમાં ફરિયાદ કરી હતી કે ‘આચાર્ય પિસ્તોલ બતાવી ડરાવે છે.’ આમ છતાં તેઓ ડગ્યા વગર વિદ્યાર્થીઓના માર્ગદર્શક બની રહ્યા જેને કારણે આજે તેમના વિદ્યાર્થીઓ ગાંધીનગરની ડિસ્ટ્રીકટ કોર્ટથી માંડીને હાઈકોર્ટની ન્યાય પ્રણાલીને સુદ્દઢ બનાવી રહ્યા છે. નિવૃત્તિ પછી પણ એમ.આર. જોષીએ વર્ષો સુધી પ્રેકટીસ સાથે પોતાની ઓફિસમાં જયુડિશિયલ કલાસ ચલાવી અનેક વિદ્યાર્થીઓને વકિલાત પાસ કરાવી છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

